# હોથલ પદમણી ખરેખર ક્યાંની હતી?

કચ્છના ઐતિહાસિક પાત્રોમાં ઓઢો જામ ચર્ચિત પાત્ર છે. ઓઢા જામ સાથે એક એવાં સ્ત્રી પાત્રનું નામ જોડાયેલું છે જે આ જગતનું નહોતું. એ સ્ત્રી એટલે હોથલ પદમણી. પદમણી શબ્દ આ જગતની મનુષ્ય સ્વરુપે જીવતી કે જીવી ગયેલી સ્ત્રીઓ સાથે જોડાતો નથી. પદમણી એટલે અપ્સરા. અપ્સરાઓ તો સ્વર્ગલોકમાં રહે. તો ઓઢા જામને સ્વર્ગની સ્ત્રી કેવી રીતે મળી ગઈ? એની પાછળ બે વાર્તાઓ પ્રચલિત છે. ઓઢા જામ ઉપર તેની સગી ભાભી મોહિત થઈ ગઈ અને જ્યારે ઓઢો તાબે ન થયો ત્યારે ધુંધવાયેલી તેની ભાભીએ તેના ઉપર છેડતીનો આરોપ મૂક્યો. ઓઢાનો મોટોભાઈ હોવાથી ગુસ્સે થયો અને ઓઢાને દેશનિકાલ કર્યો. બીજી તરફ એક ઘટના ઈન્દ્રના દરબારમાં બને છે. ઈન્દ્રના દરબારમાં એક અપ્સરા એક ગીત ગાય છે. એ ગીત મૃતલોકનું હોવાથી ઈન્દ્ર ગુસ્સે થાય છે અને એ અપ્સરાને શાપ

**ઘટ ઘટ પાની**

**★ માવજી મહેશ્વરી**

આપે છે કે તું મૃતલોકમાં જન્મ લે. તારી ઓળખ છાની રાખજે. તારી સાથે લગ્ન કરનાર જ્યારે તારું નામ જાહેર કરશે ત્યારે તું શાપ મુક્ત થઈશ. એ અપ્સરા પૃથ્વી ઉપર આવે જેનું નામ હોથલ પડે છે. એવી પણ એક કથા પ્રચલિત છે કે ઓઢો અને હોથલ પહેલીવાર મળ્યા હતા તે અંજાર તાલુકાના ભીમાસર ગામનું ચકાસર તળાવ. જેમાં હોથલ તળાવમાં નહાવા પડે છે ત્યારે ઓઢાને ખ્યાલ આવે છે કે મારી સાથે યુદ્ધમાં રહેતો યુવાન તો સ્ત્રી છે અને બેય એકબીજાની સામે સ્ત્રી પુરુષ તરીકે આવે છે અને લગ્ન કરે છે. જેમાંથી જેસલ અને જખરો નામે બે પુત્ર થાય છે. પોતાના વતનમાં પાછા ફરેલા ઓઢાને જ્યારે પ્રશ્ન કરવામાં આવે છે કે આ બે પુત્રોની મા ક્યા દેશની છે ત્યારે ઓઢો કહી દે છે કે તેમની મા હોથલ ઈન્દ્રના દરબારની અપ્સરા છે. તેનું નામ જાહેર થવાથી હોથલ શાપ મુક્ત થાય છે અને પાછી ચાલી જાય છે. આવી દંતકથા કચ્છમાં ચાલે છે અને તેના ઉપરથી ગુજરાતી ફિલ્મ પણ બની છે.

આમ તો હોથલ અને ઓઢો કચ્છનાં પાત્રો છે, પણ હોથલનું નામ ગુજરાતના અન્ય વિસ્તારો સાથે જોડાયેલું છે. હોથલનું પગેરું કચ્છથી ખૂબ દૂર એવા ઉના તાલુકાના ફૂલેકાગઢમાં મળે છે. ફુલેકાગઢમાં હોથલના પિતા સાગણજી વાઘેલા, તેમના માતાજી રાજબા તથા તેમના



બે મામાના સિલાલેખ મળી આવેલ છે. ઓઢા જામ અને હોથલના ભોંયરા મળી આવ્યા છે. ફુલેકાગઢની બાજુમાં ડુમસનેસ જે હાડમાસા ગામ તરીકે ઓળખાય છે જ્યાં હજુ વધુ દસ્તાવેજ હોવાનું લોકો કહી રહ્યા છે. એવી જ રીતે કનરો ડુંગર પણ હોથલ અને ઓઢા સાથે જોડાયેલો છે. જૂનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકામાં આ ડુંગર આવેલો છે. કનરો ડુંગર હોથલ પદમણી અને ઓઢા જામ લોકકથાના અમરપ્રેમીઓના પ્રણય અને વિરહનો સાક્ષી ગણાય છે. જોકે આ સ્થળ કનરો ડુંગર કોઈ સત્તાવાર પ્રવાસન વિસ્તાર નથી. આથી ત્યાં સ્થાનિક લોકોની મદદ વગર જઈ શકાય એમ નથી. કચ્છના લખપત તાલુકામાં મણિયારોગઢ નામનું સ્થળ છે. જે મોટી બેરની બાજુમાં આવેલો ધ્વંસ કિલ્લો છે. એમ કહેવાય છે કે એ મણિયારોગઢ ઓઢા જામ હોથલનું નિવાસસ્થાન હતો. રાપર તાલુકામાં સઈ ગામની નજીક મોટા કદની ટેકરી છે જેને હોથલિયો ડુંગર કહેવાય છે. એ ડુંગરમાં એક ગુફા છે. એ ગુફામાં હોથલની મૂર્તિ છે. જેમને બાળકો થતાં ન હોય તે આ મૂર્તિને માને છે તથા નાનાકદના ઘોડિયાં (પારણું) ચડાવે છે. આમ હોથલનો ઈતિહાસ ઘણી જગ્યાએ મળે છે. આવું થવાનું કારણ શું? જો દંતકથાઓને જવા દઈએ તો પણ હોથલ એક ઐતિહાસિક પાત્ર તો છે જ. જેનો સાચો ઈતિહાસ લખાયો નથી. એકબીજાથી દૂર એવા સ્થળોએ એક જ પાત્રની કથાઓનું મળવું ઈતિહાસકારોને પડકાર ફેંકે તેવી ઘટના છે.

**ઓઢો હોથલ જેવી જ કહાની ગ્રીસની કથાઓમાં પણ મળે છે, જો એ વિગત સાચી હોય તો ઈતિહાસમાં સચવાયેલાં કેટલાંય પાત્રોને નવેસરથી તપાસવાં પડે !**

કચ્છમાં જામ અટક મુસ્લીમ અને હિન્દુ બેય ધર્મોમાં જોવા મળે છે. જામ સિંધી ભાષાનો શબ્દ છે જેનો અર્થ થાય છે મુખી અથવા પ્રતિષ્ઠિત વ્યક્તિ. ઓઢાની અટક જામ હતી. ઓઢાએ બેય દિકરાઓને એકબીજાથી દૂરના પ્રદેશો વારસામાં આપ્યા. જેમાં જામ જખરાને લખપત તાલુકાનો વિસ્તાર મળ્યો. હાલ જામ જખરાની સમાધી લખપત તાલુકાના કૈયારી ગામની બાજુમાં છે. એ વિસ્તાર એકદમ સુનકારભર્યો છે. બાજુમાં બહુ જૂનું કબ્રસ્તાન પણ છે. એ સમાધી 'જામ જખરાપીર' તરીકે ઓળખાય છે. જામ જખરાપીરને ત્યાં રહેતી બધી જ કોમ પૂજે છે, પણ વિશેષ પૂજે છે ફકીરાણી. ૧૯૯૭ કે ૯૮ની આજુબાજુ ભૂજમાં રાષ્ટ્રીય સ્તરનો એક સેમિનાર યોજવામાં આવ્યો હતો. એમા ઓઢો-હોથલની કહાની હતી. એ સેમિનારમાં કહેવામાં આવ્યું કે આવી કહાનીઓ જૂના સમયમાં લોકો મારફતે ફેલાતી રહેતી. ઓઢો હોથલ જેવી જ કહાની ગ્રીસની કથાઓમાં પણ મળે છે, જો એ વિગત સાચી હોય તો ઈતિહાસમાં સચવાયેલાં કેટલાંય પાત્રોને નવેસરથી તપાસવાં પડે!

---

## અનુસંધાન પાના નં. 11નું

પરંતુ અહીં એક મહત્વની ચેતવણી પણ છે. જો આપણે AI પર સંપૂર્ણપણે નિર્ભર થઈ જઈએ અને પોતાની વિચારશક્તિનો ઉપયોગ કરવાનું બંધ કરી દઈએ, તો લાંબા ગાળે નુકસાન આપણું જ થશે. જેમ કેલ્ક્યુલેટર આવ્યા પછી ઘણા લોકોને સરળ ગણિત પણ મનમાં કરવું મુશ્કેલ લાગે છે, તેમ જો દરેક વિચાર માટે AI પર આધાર રાખવામાં આવશે તો સર્જનાત્મકતા, તર્કશક્તિ અને સમસ્યા ઉકેલવાની કુશળતા ધીમે ધીમે ઘટી શકે છે. તેથી AI નો ઉપયોગ સહાયક તરીકે કરવો જોઈએ, વિકલ્પ તરીકે નહીં. શ્રેષ્ઠ પરિણામ ત્યારે મળે છે જ્યારે માનવ બુદ્ધિ અને કૃત્રિમ બુદ્ધિ સાથે મળીને કામ કરે.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના યુગમાં સૌથી મોટો ફેરફાર જો ક્યાં જોવા મળશે તો તે શિક્ષણ અને રોજગારના ક્ષેત્રમાં જોવા મળશે.વિશ્વની અગ્રણી સંસ્થાઓ પણ આ જ દિશામાં વિચારી રહી છે. World Economic Forum દ્વારા દર થોડાં વર્ષે પ્રકાશિત થતો Future of Jobs Report વિશ્વભરના ઉદ્યોગો, કંપનીઓ અને ટેક્નોલોજીના બદલાતા પ્રવાહોનું વિશ્લેષણ કરે છે. આ અહેવાલમાં એક વાત ખૂબ સ્પષ્ટ રીતે જણાવવામાં આવી છે કે ભવિષ્યમાં સફળ થનાર વ્યક્તિ સતત નવી કુશળતા શીખતી વ્યક્તિ હશે. કંપનીઓ હવે એવા કર્મચારીઓ શોધી રહી છે જે બદલાતી પરિસ્થિતિમાં ઝડપથી નવી ટેક્નોલોજી અપનાવી શકે, સમસ્યાઓનું સર્જનાત્મક રીતે નિરાકરણ લાવી શકે અને AI જેવા આધુનિક સાધનો સાથે મળીને કામ કરી શકે.

ભવિષ્યની સૌથી મહત્વપૂર્ણ કુશળતાઓમાં Critical Thinking એટલે કે તર્કસંગત વિચારશક્તિ પ્રથમ સ્થાન પર છે. AI હજારો જવાબો આપી શકે છે, પરંતુ કયો જવાબ યોગ્ય છે, કયો અપૂર્ણ છે અને કયો ખોટો છે તે નક્કી કરવાની જવાબદારી માણસની જ રહેશે. પ્રશ્નો પૂછવાની, પુરાવા શોધવાની, વિવિધ દૃષ્ટિકોણથી વિચારવાની અને તર્કના આધારે નિર્ણય લેવાની ક્ષમતા ભવિષ્યમાં અમૂલ્ય બનશે. વૈજ્ઞાનિકો નવી શોધ માત્ર માહિતી યાદ રાખીને કરતા નથી; તેઓ યોગ્ય પ્રશ્નો પૂછે છે. તેથી જ વિજ્ઞાનમાં દરેક મોટી શોધની શરૂઆત એક જિજ્ઞાસાથી થાય છે.

તે પછી આવે છે Problem Solving, એટલે કે સમસ્યાઓ ઉકેલવાની ક્ષમતા. જીવનમાં ઘણી એવી પરિસ્થિતિઓ આવે છે જ્યાં તૈયાર જવાબો મળતા નથી. કોઈ નવા ઉત્પાદનની રચના કરવી હોય, કોઈ વૈજ્ઞાનિક પ્રયોગની યોજના બનાવવી હોય અથવા વ્યવસાયમાં નવી મુશ્કેલીનો સામનો કરવો હોય, ત્યાં માત્ર પુસ્તકનું જ્ઞાન પૂરતું નથી. ત્યાં અનુભવ, તર્ક, કલ્પનાશક્તિ અને યોગ્ય નિર્ણય લેવાની ક્ષમતા જરૂરી બને છે. AI ઘણી શક્યતાઓ બતાવી શકે છે, પરંતુ અંતિમ નિર્ણય તો માણસે જ લેવો પડે છે.

ભવિષ્યમાં Creativity, એટલે કે સર્જનાત્મકતા, સૌથી કિંમતી સંપત્તિ બનવાની છે. AI નવી કલ્પના જન્માવતું નથી; તે અગાઉ ઉપલબ્ધ માહિતીના આધારે નવા સંયોજન બનાવે છે. સંપૂર્ણપણે નવો વિચાર, નવી શોધ, નવું વૈજ્ઞાનિક સિદ્ધાંત અથવા સમાજ માટે નવી દિશા આપતી કલ્પના હજુ પણ માનવ મગજની સૌથી મોટી શક્તિ છે. ઈતિહાસમાં થયેલી દરેક મહાન શોધ પાછળ કોઈને કોઈ વ્યક્તિની સર્જનાત્મક વિચારશક્તિ હતી, કોઈ કમ્પ્યુટરની નહીં.

આ સાથે AI Literacy પણ આવનારા સમયમાં વાંચન-લેખનની જેમ મૂળભૂત કુશળતા બની જશે. AI પાસે યોગ્ય પ્રશ્ન પૂછવો, તેના જવાબનું મૂલ્યાંકન કરવું, વિવિધ AI સાધનોનો યોગ્ય ઉપયોગ કરવો અને મળેલી માહિતીની વિશ્વસનીયતા તપાસવી. આ બધી બાબતો નવી પેઢીની મૂળભૂત આવડત બનશે. AI ના યુગમાં શિક્ષણનો હેતુ યાદશક્તિ નહીં, વિચારશક્તિ હોવો જોઈએ. શિક્ષકે હવે માત્ર માહિતી આપનાર નહીં, પરંતુ માર્ગદર્શક, પ્રેરક અને પ્રશ્નો પૂછતા શીખવનાર બનવું પડશે. વિદ્યાર્થીઓએ પણ આ પ્રશ્ન પરીક્ષામાં આવશે? તેના બદલે આ સિદ્ધાંત વાસ્તવિક જીવનમાં ક્યાં ઉપયોગી છે? એવો પ્રશ્ન પૂછવાની ટેવ વિકસાવવી પડશે.

માતા-પિતાની ભૂમિકા પણ હવે બદલાઈ રહી છે. બાળકોમાં જિજ્ઞાસા, પ્રયોગ કરવાની હિંમત, નિષ્ફળતામાંથી શીખવાની ટેવ અને નવી ટેક્નોલોજી પ્રત્યે સકારાત્મક અભિગમ વિકસાવવો વધુ મહત્વનો બનશે. જો બાળક સમજવા માટે ભણશે તો આખી જિંદગી શીખતો રહેશે. AI ના યુગમાં સૌથી સફળ વ્યક્તિ તે નહીં હોય જેને સૌથી વધુ માહિતી યાદ હોય, પરંતુ તે હશે જે સૌથી ઝડપથી નવી માહિતી શીખી શકે, તેનો અર્થ સમજી શકે અને તેને જીવનમાં સર્જનાત્મક રીતે લાગુ કરી શકે. આવનારા સમયમાં કદાચ કોઈ પણ કંપની ઈન્ટરવ્યૂમાં પૂછશે કે તમે સમસ્યા કેવી રીતે ઉકેલો છો, નવી ટેક્નોલોજી કેટલી ઝડપથી શીખો છો, ટીમ સાથે કેવી રીતે કામ કરો છો અને AI જેવા શક્તિશાળી સાધનોનો ઉપયોગ કરીને કેટલું ઉત્તમ પરિણામ આપી શકો છો. માર્કશીટ તમને પ્રથમ તક અપાવી શકે છે, પરંતુ લાંબા ગાળાની સફળતા માત્ર તમારી કુશળતા, સતત શીખવાની તૈયારી, વૈજ્ઞાનિક વિચારસરણી અને નવી ટેક્નોલોજીને સ્વીકારવાની ક્ષમતા જ નક્કી કરશે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો યુગ માણસ અને મશીન વચ્ચેની સ્પર્ધાનો યુગ નથી; તે સતત શીખતા અને અટકી ગયેલા માણસો વચ્ચેની સ્પર્ધાનો યુગ છે. જે વ્યક્તિ જિજ્ઞાસા જાળવી રાખશે, પ્રશ્નો પૂછશે, નવી બાબતો શીખશે અને AI ને પોતાના સહયોગી તરીકે સ્વીકારશે, ભવિષ્ય ખરેખર તેનું જ હશે.